RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616
ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક
સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

**સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર**

● સ્થાપક તંત્રી :- હસુભાઈ ઠાકર ● તંત્રી :- ડો. ઇલેવાન ઠાકર ● Year - 20 ● Issue - 49 ● 15-07-2026 - WEDNESDAY ● Price : 0.50/- (Paisa) , annual : 280/- ● Page : 4+4


કાર્યાલય :- ૪૦૩, ચોથે માળ, અખબારભવન સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ (ગુજ.) ● અમદાવાદ કાર્યાલય :- ૫ અવની હાઉસ બીજો માળ, મીઠાખળી રેલ્વે ક્રોસિંગ પાસે, મીઠાખળી ગામ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ● e-mail : kisanrajdaily@yahoo.com, Mo. 99784 07016 , 93288 95485

**વાંચો અંદરના પેજ પર**



નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રથયાત્રાના સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યું અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી

**વાંચો અંદરના પેજ પર**



અદાણી હજીરા પોર્ટની ફાયર ટીમે સુરતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૬૫ કલાક સુધી સફાઈ કામગીરી કરી

## નેશનલ-ઈન્ટરનેશનલ

### સામાન્ય કાર માલિક પોતે માઇલેજ માપી શકતો નથી : નીતિન ગડકરી

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪**

દેશમાં E૨૦ પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીનું એક નિવેદન ફરી વિવાદનું કેન્દ્ર બન્યું છે. તેમણે કહ્યું છે કે સામાન્ય કાર માલિક પોતાની ગાડીનું માઈલેજ ચોક્કસ રીતે જાતે માપી શકતો નથી અને વાહનનું વાસ્તવિક માઈલેજ જાણવા માટે કંપની દ્વારા અધિકૃત ડીલર પાસે ઉપલબ્ધ ટેસ્ટિંગ સિસ્ટમનો ઉપયોગ કરવો જોઈએ. તેમના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં નવી ચર્ચા શરૂ થઈ છે.

એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન મહિલા પત્રકારે દાવો કર્યો હતો કે E૨૦ પેટ્રોલનો ઉપયોગ શરૂ કર્યા બાદ તેમની કારનું માઈલેજ ઘટ્યું છે. તેના જવાબમાં ગડકરીએ કહ્યું કે સામાન્ય રીતે લોકો જે રીતે ફ્યુઅલ ભરાવીને કિલોમીટર ગણતા હોય છે, તે સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિ નથી. તેમના જણાવ્યા અનુસાર, વાહનનું સાચું માઈલેજ જાણવા માટે નિયંત્રિત પરિસ્થિતિમાં ખાસ ટેસ્ટિંગ સાધનોની જરૂર પડે છે, જે માત્ર અધિકૃત સર્વિસ સેન્ટર અથવા ડીલર પાસે ઉપલબ્ધ હોય છે.

E૨૦ પેટ્રોલ એટલે કે ૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલનું મિશ્રણ. કેન્દ્ર સરકારનો હેતુ ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા ઘટાડવાનો, પ્રદૂષણ ઓછું કરવાનો અને શેરડી આધારિત ઈથેનોલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. જોકે, ઘણા વાહનચાલકોનો દાવો છે કે E૨૦ પેટ્રોલના ઉપયોગ પછી કેટલાક વાહનોમાં માઈલેજમાં ઘટાડો અનુભવાઈ રહ્યો છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારે પણ સ્વીકાર્યું હતું કે ઈથેનોલની ઊર્જા ક્ષમતા પેટ્રોલ કરતાં ઓછી હોવાથી કેટલાક વાહનોમાં ફ્યુઅલ ઈકોનોમી પર મર્યાદિત અસર થઈ શકે છે. જોકે, સરકારનું કહેવું છે કે E૨૦ માટે ડિઝાઈન કરાયેલા નવા એન્જિનમાં આ અસર ખૂબ ઓછી રહેશે અને લાંબા ગાળે પર્યાવરણ તથા દેશની ઊર્જા સુરક્ષા માટે આ પગલું ફાયદાકારક સાબિત થશે.

### મોંઘવારીનો માર યથાવત, GST વસૂલાતમાં સતત વધારો

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪**

દેશમાં મોંઘવારી ફરી એકવાર સામાન્ય લોકો માટે ચિંતાનો વિષય બની છે. જૂન મહિનામાં રિટેલ ફુગાવો વધીને ૪.૩૮ ટકા પર પહોંચ્યો છે, જે છેલ્લા ૧૭ મહિનાનો સૌથી ઊંચો સ્તર છે. આ આંકડો ભારતીય રિઝર્વ બેંક (RBI)ના ૪ ટકાના મધ્યમ લક્ષ્યાંકથી પણ વધુ છે. સતત વધતી મોંઘવારીના કારણે સામાન્ય પરિવારોના ઘરેલુ બજેટ પર દબાણ વધી રહ્યું છે, જ્યારે બીજી તરફ સરકારની GST આવક સતત નવા રેકોર્ડ બનાવી રહી છે.

સરકારી આંકડા મુજબ મે મહિનામાં રિટેલ ફુગાવો ૩.૯૩ ટકા હતો, જે જૂનમાં વધીને ૪.૩૮ ટકા થયો છે. વર્ષની શરૂઆતમાં જાન્યુઆરીમાં ફુગાવો માત્ર ૨.૭૪ ટકા હતો, પરંતુ ત્યારબાદ દર મહિને તેમાં વધારો નોંધાયો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ઈંધણના વધતા ભાવ, પરિવહન ખર્ચમાં વધારો અને કેટલાક ખાદ્ય પદાર્થોના ભાવમાં તેજી આ વધારાના મુખ્ય કારણો છે.

ખાદ્ય ફુગાવો પણ જૂનમાં વધીને ૫.૩૨ ટકા થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખાદ્ય મોંઘવારી ૫.૪૫ ટકા જ્યારે શહેરી વિસ્તારોમાં ૫.૦૯ ટકા નોંધાઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ફુગાવો ૪.૭૪ ટકા સુધી પહોંચ્યો છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તે ૩.૯૨ ટકા રહ્યો છે. પરિવહન સંબંધિત ખર્ચમાં નોંધપાત્ર વધારો થતાં દૈનિક જીવન માટે જરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પણ તેની અસર જોવા મળી રહી છે.

આર્થિક વિશ્લેષકોનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ, હવામાનની સ્થિતિ અને કૃષિ ઉત્પાદન આગામી મહિનાઓમાં મોંઘવારીની દિશા નક્કી કરશે. જો વૈશ્વિક ઊર્જા બજારમાં અસ્થિરતા યથાવત રહેશે તો ફુગાવા પર વધુ દબાણ આવી શકે છે.

### ચીનમાં ડિપ્રેશન ઘટાડવા ચાલતો હસાવવાનો ૪૦૦ અબજ ડોલરનો જંગી બિઝનેસ

**(સંપૂર્ણ સમાચાર સેવા) બેઈજિંગ, તા.૧૪**

ચીનના સોશિયલ મીડિયા આજકાલ ઈનોશ્નલ વેલ્યૂની જાહેરાતોથી ઉભરાઈ રહ્યું છે. એકલતા વધી રહી છે અને યુવા જનરેશનમાં ભવિષ્યની ચિંતાને લઈને ડિપ્રેશનનું પ્રમાણ પણ વધ્યું છે. તેની સામે ઈનોશ્નલ વેલ્યૂ યાને હસાવવાથી લઈને ગિફ્ટ આપીને ખુશ કરવા સુધીનું ખુશહાલીનું માર્કેટ વધી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે ચીનમાં આ પ્રકારનો બિઝનેસ ૪૦૦ અબજ ડોલરને પાર પહોંચી ગયો છે.ચીનની નવી જનરેશનમાં ભૌતિક ચીજવસ્તુઓ પાછળ ખર્ચ કરવાને બદલે માનસિક શાંતિ મળે તે માટે બજેટ આપવાનું વધ્યુંચીનની યુવા પેઢીમાં ભવિષ્યને લઈને ચિંતા છે. નવી જનરેશન એક્ઝાઈટીમાં જીવા છે. ભવિષ્યની ચિંતામાં દિવસો કાઢે છે. તેની સામે અમુક યુવાનો ખુશહાલીનો બિઝનેસ કરી રહ્યા છે. લૂ ઝાઓયૂ નામનો એક યુવાન ચીનના વિખ્યાત પહાડ માઉન્ડ તાઈના અવરોહણમાં મદદ કરે છે. તે અન્ય પ્રવાસીઓને આ પહાડ ચડવાનું પેકેજ ઓફર કરે છે, પરંતુ આ માત્ર પહાડ ચડવા પૂરતું પેકેજ નથી. તે રસ્તામાં પ્રવાસીને હસાવે છે. તેને ઈમોશ્નલી સપોર્ટ આપે છે. ગિફ્ટ્સ આપે છે. તેને તાજાં ફળો આપે છે. ગમતી વાતો કરે છે. આ માટે તે ૧૦૦ ડોલર જેટલો ચાર્જ વસૂલે છે અને લોકો આટલો ખર્ચ કરીને હોંશે હોંશે તેની સાથે જાય છે.૩૦ વર્ષનો એ લાંગ નામનો યુવાન જુદા જુદા કલાકારોનો પોશાક પહેરીને મધ્ય ચીનમાં લોકોને હસાવવાનું કામ કરે છે. તે માત્ર હસાવતો નથી, પરંતુ ફુલ ઈમોશ્નલ એક્સપિરિયન્સ આપે છે.

## સરહદોની સુરક્ષા માટે ભારતનું મોટું પગલું

# ૧૫ હજાર કરોડના ખર્ચે ભારત બનાવશે હાઈ ઓલ્ટિટ્યુડ એરશિપ




**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪**

ભારત પોતાની સંરક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે હાઈ ઓલ્ટિટ્યુડ એરશિપ (High Altitude Airship) વિકસાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના પર કામ શરૂ કરી રહ્યું છે. અંદાજે ૧૫ હજાર કરોડના ખર્ચે તૈયાર થનારો આ પ્રોજેક્ટ સંરક્ષણ મંત્રાલયની 'મેક-૧' યોજના હેઠળ અમલમાં મૂકવામાં આવશે. આ સ્વદેશી એરશિપ ૨૦ કિલોમીટરથી વધુ ઊંચાઈએ લાંબા સમય સુધી ઉડાન ભરવામાં સક્ષમ હશે અને સરહદી વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા, ગુપ્તચર માહિતી એકત્રિત કરવા તેમજ સંદેશાવ્યવહાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ભારતીય વાયુસેનાના ડાયરેક્ટોરેટ ઓફ ઓપરેશન્સની દેખરેખ હેઠળ વિકસાવવામાં આવશે.

એરશિપને 'એરશિપ-બેઝ્ડ હાઈ ઓલ્ટિટ્યુડ સ્યુડો સેટેલાઈટ (HAPS)' તરીકે વિકસાવવામાં આવશે, જે મહિનાઓ સુધી આકાશમાં રહીને સતત કામગીરી કરી શકશે. તેમાં અત્યાધુનિક રડાર, હાઈ-રિઝોલ્યૂશન કેમેરા અને ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ સિસ્ટમ જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ સિસ્ટમ ડ્રોન અને સેટેલાઈટ વચ્ચે રહેલા ટેક્નિકલ અંતરને દૂર કરશે. સામાન્ય ડ્રોન આશરે ૧૨ કિલોમીટર સુધીની ઊંચાઈએ કાર્ય કરી શકે છે, જ્યારે લો-અર્થ ઓર્બિટ સેટેલાઈટ્સ ૫૦૦થી ૨,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ કાર્યરત હોય છે. હાઈ ઓલ્ટિટ્યુડ એરશિપ આ બંને વચ્ચે રહીને લાંબા સમય સુધી એક જ વિસ્તારમાં સતત નજર રાખવાની સુવિધા પૂરી પાડશે.

ઉપરાંત, તે જમીન પરથી સેટેલાઈટ સુધી સુરક્ષિત ડેટા ટ્રાન્સમિશનમાં પણ મદદરૂપ બનશે.

સંરક્ષણ મંત્રાલય આ પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછી બે ખાનગી ભારતીય કંપનીઓની પસંદગી કરશે.

કંપનીઓની પસંદગી તેમની ટેક્નિકલ કુશળતા, સંશોધન ક્ષમતા અને નાણાકીય સક્ષમતાના આધારે કરવામાં આવશે. સરકાર સંશોધન અને વિકાસ ખર્ચનો મોટો હિસ્સો પણ વહન કરશે, જેથી સ્વદેશી ટેક્નોલોજીને પ્રોત્સાહન મળી શકે.

ભારતે મે ૨૦૨૫માં મધ્યપ્રદેશમાં લગભગ ૧૭ કિલોમીટરની ઊંચાઈએ એરશિપનું સફળ પરીક્ષણ કર્યું હતું. હવે નવા પ્રોજેક્ટ દ્વારા વધુ ઊંચાઈ અને લાંબા સમય સુધી કામગીરી કરવાની ક્ષમતા વિકસાવવામાં આવશે.

સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ એરશિપ ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ખાસ કરીને ચીન સાથેની સરહદો પર સતત દેખરેખ, સંવેદનશીલ વિસ્તારોની મોનિટરિંગ અને રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ મેળવવામાં આ ટેક્નોલોજી મહત્વની ભૂમિકા ભજવશે. સાથે જ ભવિષ્યમાં દેશની સર્વેલન્સ અને સુરક્ષા વ્યવસ્થાને નવી દિશા મળશે.

## હોર્મુઝમાં UAEના ટેન્કરો પર ઇરાનનો હુમલો, એક ભારતીયનું મોત

**(સંપૂર્ણ સમાચાર સેવા) તેહરાન, તા.૧૪**

સંયુક્ત આરબ અમીરાત ના સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જણાવ્યું કે હોર્મુઝમાં યુએઈનો ધ્વજ ધરાવતા બે ટેન્કરો પર ઈરાની ક્રૂઝ મિસાઈલો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ક્રૂના એક ભારતીય સભ્યનું મોત નીપજ્યું છે. આ હુમલામાં અન્ય આઠ સભ્યો ઘાયલ પણ થયા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે ઓમાનના જળક્ષેત્રમાં હોર્મુઝની સામુદ્રધુની ના દક્ષિણી લેનમાં 'મોમ્બાસા' અને 'બાહિયા' નામના ટેન્કરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઘાયલોમાં છ ભારતીય નાગરિકો અને બે યુક્રેનિયન નાગરિકો સામેલ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલાના પરિણામે ટેન્કર 'મોમ્બાસા'ના ક્રૂના એક ભારતીય સભ્યએ જીવ ગુમાવ્યો છે અને અન્ય ૮ લોકો ઘાયલ થયા છે.

તેમાંથી ૪ લોકોને ગંભીર ઈજાઓ થઈ છે, જેમાં ઘાયલોમાં ૬ ભારતીય નાગરિકો અને ૨ યુક્રેનિયન નાગરિકો છે.સંરક્ષણ મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે મિસાઈલ હુમલાના કારણે બંને જહાજોમાં આગ લાગી ગઈ હતી, પરંતુ બાદમાં તેના પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લેવાયો હતો.યુએઈએ આ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે. આને ગંભીર ઉલ્લંઘન અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવીને ક્ષેત્રની સુરક્ષા અને સ્થિરતા માટે "ખતરો" ગણાવ્યો છે.

યુએઈ સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશ આ તણાવપૂર્ણ સ્થિતિનો જવાબ આપવાનો પોતાનો સંપૂર્ણ અધિકાર અનામત રાખે છે અને પોતાનું સાર્વભૌમત્વ, નાગરિકો, રહેવાસીઓ તેમજ રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે તમામ જરૂરી પગલાં લેશે. સંરક્ષણ મંત્રાલયે પણ જણાવ્યું કે તેના સશસ્ત્ર દળો હાઈ એલર્ટ પર છે અને કોઈપણ પ્રકારના જોખમનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.યુએઈની આ જાહેરાત ઈરાનના એ દાવા પછી સામે આવી છે, જેમાં તેણે કહ્યું હતું કે તેના રિવોલ્યુશનરી ગાર્ડ્સે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા બે જહાજો પર ચેતવણીરૂપ ફાયરિંગ કર્યું હતું.ઈરાનના સરકારી ટેલિવિઝને અહેવાલમાં જણાવ્યું હતું કે આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી કથિત રીતે ગેરકાયદેસર રીતે પસાર થવાને કારણે જહાજોને રિવોલ્યુશનરી ગાર્ડ્સની નૌસેના દ્વારા ચેતવણીરૂપ ગોળીઓ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા અને રોકવામાં આવ્યા હતા.

### ટ્રેનના એસી કોચમાં રૂ. ૧૦૦ કરોડના રૂમાલ, બેડશીટ, ઓશીકાની ચોરી

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪**

ભારતીય રેલવેમાં દરરોજ લાખો લોકો મુસાફરી કરે છે, ક્યારેક ગરીબ વર્ગના લોકો ભારે ભીડને કારણે એસી કોચમાં ઘૂસી જતા હોવાના વીડિયો સામે આવતા હોય છે, જોકે હવે એવા રિપોર્ટ સામે આવ્યા છે કે જે આ એસી કોચમાં મુસાફરી કરનારાઓ કેટલાક લોકો પર પણ સવાલો ઉઠાવી રહ્યા છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૨૨થી આ વર્ષ દરમિયાન ટ્રેનમાંથી મુસાફરો ખુદ રૂ. ૧૦૦ કરોડથી વધુની બેડશીટ, ચાદરો, ઓશીકાં કે તેના કવર, રૂમાલ વગેરે આશરે ૧.૨૭ કરોડ વસ્તુઓની ચોરી થઈ છે.આંકડા મુજબ દર રાત્રે લગભગ આઠ લાખ એસી કોચના મુસાફરો પથારીનો સામાન એટલે કે લિનન બેડરોલનો ઉપયોગ કરે છે. જેમાં મુખ્યત્વે ચાદરો, બેડશીટ, તકિયા તેવા કવર, ફેસ ટોવલ વગેરેનો સમાવેશ થાય છે. આ સુવિધા ટિકિટની સાથે આપવામાં આવતી હોય છે. જોકે આ તમામ વસ્તુઓ રેલવેની માલિકીની રહે છે અને માત્ર ઉપયોગ કરવા માટે જ રાખવામાં આવી હોય છે. પરંતુ આવી વસ્તુઓની મુસાફરો દ્વારા ચોરી કરવાનું પ્રમાણ વધવા લાગ્યું છે. આંકડા મુજબ ૨૦૨૨થી મે ૨૦૨૬ દરમિયાન ટ્રેનોમાંથી આશરે ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની આવી વસ્તુઓ મુસાફરો ઉઠાવી ગયા.આરટીઆઈમાં પ્રાપ્ત આંકડા મુજબ જે પણ વસ્તુઓ મુસાફરો દ્વારા ચોરી કરવામાં આવી છે તેમાં રૂમાલની સૌથી વધુ ચોરી થઈ છે. આ ચાર વર્ષના સમયગાળા દરમિયાન ૪૬.૫૪ લાખ રૂમાલ ચોરી થઈ ગયા કે ગુમ થઈ ગયા.

### ભારતીય વંશના નાસા એસ્ટ્રોનોટ અનિલ મેનનનું પ્રથમ સ્પેસ મિશન

**(સંપૂર્ણ સમાચાર સેવા) વોશિંગ્ટન, તા.૧૪**

ભારતીય મૂળના નાસા (NASA)ના એસ્ટ્રોનોટ ડૉ. અનિલ મેનન આજે પોતાના પ્રથમ અંતરિક્ષ મિશનની શરૂઆત કરવા જઈ રહ્યા છે. તેઓ કઝાખસ્તાનના બૈકોનૂર કોસ્મોડ્રોમથી રશિયાના સોયુઝ સ્જી-૨૯ અવકાશયાન દ્વારા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) તરફ રવાના થશે. આ મિશન દરમિયાન તેઓ લગભગ આઠ મહિના સુધી અવકાશમાં રહી વૈજ્ઞાનિક અને તબીબી ક્ષેત્રે મહત્વપૂર્ણ સંશોધનો કરશે. તેમની સાથે રોસકોસ્મોસના બે અનુભવી કોસ્મોનોટ્સ પણ આ મિશનમાં જોડાશે.૪૯ વર્ષીય ડૉ. અનિલ મેનન વ્યવસાયે ઈમર્જન્સી મેડિસિન ફિઝિશિયન છે અને તેઓ અમેરિકાની સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તબીબી વિજ્ઞાન અને અંતરિક્ષ સંશોધનનો તેમનો અનુભવ તેમને આ મિશન માટે ખાસ બનાવે છે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં તેઓ લાંબા સમય સુધી માઈક્રોગ્રાવિટીમાં માનવ શરીર પર થતી અસરો, અવકાશમાં આરોગ્ય વ્યવસ્થા અને ભવિષ્યના લાંબા અંતરના સ્પેસ મિશન માટે જરૂરી તબીબી ટેક્નોલોજી પર સંશોધન કરશે.

અનિલ મેનનનો જન્મ અમેરિકામાં ભારતીય પિતા અને યુક્રેનિયન માતાના પરિવારમાં થયો હતો. તેમણે મેડિસિન, મિલિટરી અને સ્પેસ સાયન્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

## હોર્મુઝમાં વધતા તણાવથી વૈશ્વિક બજારોમાં ચિંતા

# ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો, ભારત સહિત વિશ્વની અર્થવ્યવસ્થા પર ખતરો

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪**

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષની અસર હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા તણાવ અને વેપારી જહાજોની સુરક્ષા અંગે ઉભી થયેલી ચિંતાઓના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. મંગળવારે બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૮૪ ડોલરથી ઉપર પહોંચી ગયો હતો, જ્યારે અમેરિકન ડબ્લ્યુટીઆઈ (WTI) ક્રૂડ પણ ૮૦ ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો મધ્ય પૂર્વમાં હાલનો સંઘર્ષ લાંબો ચાલશે તો ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૧૦૦થી ૧૨૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંનો એક છે. ઈરાન, ઓમાન અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) વચ્ચે આવેલો આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. દુનિયાના કુલ ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) પુરવઠાનો લગભગ ૨૦ ટકા હિસ્સો આ માર્ગ પરથી પસાર થાય છે.

આવી સ્થિતિમાં અહીં કોઈપણ પ્રકારની સૈન્ય કાર્યવાહી અથવા જહાજોની અવરજવરમાં વિક્ષેપ સર્જાય તો તેની સીધી અસર વૈશ્વિક તેલ બજાર અને ઊર્જા પુરવઠા પર પડે છે.

તાજેતરના દિવસોમાં વેપારી જહાજો પર હુમલા અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ઉભી થયેલી સુરક્ષા ચિંતાઓને કારણે આંતરરાષ્ટ્રીય કોમોડિટી બજારમાં અસ્થિરતા વધી છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળી રહ્યા છે, જ્યારે અનેક દેશો પોતાના વ્યૂહાત્મક ઓઈલ ભંડાર પર નજર રાખી રહ્યા છે.

વિશ્લેષકોનું કહેવું છે કે જો સંઘર્ષ વધુ વિકરાળ બનશે અને મુખ્ય ઓઈલ નિકાસ માર્ગો પ્રભાવિત થશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન પર ગંભીર અસર થઈ શકે છે.

ભારત માટે પણ આ પરિસ્થિતિ મહત્વપૂર્ણ છે, કારણ કે દેશ પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતનો મોટો ભાગ આયાત દ્વારા પૂરો કરે છે.

## તંત્રીની કલમે

# આગામી વર્ષોમાં ટેક્નોલોજી આધારિત છેતરપિંડીઓ વધશે

આગામી વર્ષોમાં જે ડિજિટલ ફ્રોડ થવાના છે તેમાં ૬૭ ટકા ફ્રોડ બાયોમેટ્રિક ફ્રોડ હશે. તે ઉપરાંત ૫૬ ટકા જેટલા સિન્થેટિક આઈડેન્ટિટિ ફ્રોડ આકાર લેવા માંડશે. દુનિયાભરના મોબાઈલ, કમ્પ્યૂટર, ઈલેક્ટ્રોનિક સિસ્ટમ અને સોફ્ટવેરમાં એડવાન્સ એઆઈ આધારિક હુમલામાં ૪૪ ટકા જેટલો વધારો જોવા મળશે : સૌથી વધારે ચિંતા ડિપફેક મુદ્દે વ્યક્ત કરવામાં આવી છે. તેમાં પણ અંદાજે ૪૪ ટકા જેટલો વધારો જોવા મળશે તેવો વરતારો છે. નકલી ઓળખપત્રો અને દસ્તાવેજો બનાવવાની કામગીરીમાં પણ ૪૪ ટકા જેટલો ઉછાળો જોવા મળશે. આ ઉપરાંત ૩૩ ટકા ગુના ડેટા બ્રિચ દ્વારા આઈડેન્ટિટી થેફ્ટના વધી જવાની શક્યતાઓ દેખાઈ રહી છે : આપણે સૌથી પહેલાં તો ડિજિટલ હાઈજીન શિખવાની અને રાખવાની જરૂર છે. દરેક ઓનલાઈન એકાઉન્ટ માટે અલગ અને જટિલ પાસવર્ડ રાખો. ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન હંમેશા ચાલુ રાખો. અજાણ્યા કોલ્સ અને વીડિયો પ્રત્યે સાવધ રહો. જાણીતા લોકોના અવાજમાં કે પ્રોફાઈલ દ્વારા પૈસાની માગણી કરાય ત્યારે ચકાસણી કરો. સોશિયલ મીડિયા પર મર્યાદિત માહિતી શેર કરો આજનો યુગ એ ટેકનોલોજી અને ડિજિટલાઈઝેશનનો યુગ છે. આપણું રોજિંદુ જીવન, બેન્કિંગ વ્યવહારો, શોપિંગથી માંડીને વ્યાપારી સોદાઓ બધું જ ઓનલાઈન પ્લેટફોર્મ પર શિફ્ટ થઈ ગયું છે. આમ જોવા જઈએ તો ટેકનોલોજીએ આપણું કામ જેટલું સરળ બનાવ્યું છે, તેટલું જ ગુનેગારો અને છેતરપિંડી કરનારાઓ માટે પણ નવા રસ્તાઓ ખોલી આપ્યા છે. હવે પરંપરાગત ચોરી કે લૂંટફાટના દિવસો ગયા, તેનું સ્થાન અત્યાધુનિક ડિજિટલ ક્રાઈમે લઈ લીધું છે. છેલ્લાં ઘણા સમયથી સાઈબર ક્રાઈમની ઘટનાઓ વધતી જાય છે. તેમાંય જાણકારો માને છે કે, આગામી સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ થકી વધુ ગંભીર અને મોટા સાઈબર ગુનાઓ થશે. થોડા સમય પહેલાં જ સેમસબ ફ્રોડ રિપોર્ટ ૨૦૨૫ રજૂ થયો હતો જેમાં ભવિષ્યમાં થનારા અને હાલમાં જેની સૌથી વધારે શક્યતાઓ દેખાઈ રહી છે તેવા સાઈબર ગુના અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જાણકારો દ્વારા આ અહેવાલમાં ભવિષ્યમાં આકાર લેનારા ગુનાઓ અંગે ભવિષ્યવાણી જ કરવામાં આવી હતી. તેઓ માને છે કે, ભવિષ્યમાં ગુનાઓનું સ્વરૂપ વધારે હાઈટેક અને વધારે ગંભીર બની જશે. અહેવાલો અનુસાર વિશ્વભરના જાણકારો માને છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય એડવાન્સ ડેટા ટૂલ્સના કારણે છેતરપિંડીની ગતિ અત્યંત ઝડપી અને વધુ આકરી બની રહી છે. જાણકારો દ્વારા જે ભવિષ્યવાણી કરવામાં આવી છે તેમાં જણાવાયું છે કે, આગામી વર્ષોમાં જે ડિજિટલ ફ્રોડ થવાના છે તેમાં ૬૭ ટકા ફ્રોડ બાયોમેટ્રિક ફ્રોડ હશે.

**ઈલેવાન ઠાકર**

# સુરતમાં આંગણવાડીના બાંધકામ મુદ્દે નાના વરાછામાં હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૧૪

સુરતના નાના વરાછા વિસ્તારમાં પાલિકા દ્વારા રિઝર્વેશનની જમીન પર આંગણવાડીના બાંધકામનો સ્થાનિકોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. અગાઉની રજૂઆતો છતાં કામગીરી ચાલુ રહેતા, સોમવારે મોટી સંખ્યામાં રહેવાસીઓ સૂત્રોચ્ચાર સાથે સ્થળ પર એકઠા થયા હતા. તેમણે બાંધકામ તાત્કાલિક બંધ કરવાની માંગ કરી હતી. વિરોધને પગલે પાલિકાના અધિકારીઓ દોડી આવ્યા અને યોગ્ય કાર્યવાહીની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

નાના વરાછા વિસ્તારમાં પાલિકા દ્વારા રિઝર્વેશનની જમીન પર ચાલી રહેલા આંગણવાડીના બાંધકામનો સ્થાનિક રહેવાસીઓએ સોમવારે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

અગાઉ અનેક રજૂઆતો છતાં કામગીરી યથાવત રહેતાં મોટી સંખ્યામાં સ્થાનિકો સ્થળ પર એકત્ર થયા હતા અને સૂત્રોચ્ચાર સાથે બાંધકામ તાત્કાલિક બંધ કરવાની માંગ ઉઠાવી હતી. વિરોધ ઉગ્ર બનતાં પાલિકાના અધિકારીઓને સ્થળ પર દોડી જવું પડ્યું હતું.

શહેરના વરાછા ઝોનના નાના વરાછા વિસ્તારમાં પાલિકા દ્વારા રિઝર્વેશનની જમીન પર હાથ ધરવામાં આવી રહેલા આંગણવાડીના બાંધકામને લઈને સ્થાનિક રહેવાસીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. અગાઉ અનેક વખત રજૂઆતો કરવા છતાં કામગીરી બંધ કરવામાં ન આવતાં સોમવારે સ્નેહ મિલન સોસાયટી, કિરણ સોસાયટી અને સરિતા સાગર સોસાયટીના મોટી સંખ્યામાં રહેવાસીઓ સ્થળ પર એકત્ર થયા હતા. તેમણે સૂત્રોચ્ચાર સાથે બાંધકામ તાત્કાલિક બંધ કરવાની માંગ કરી હતી.

મળતી માહિતી મુજબ સરિતા સાગર સોસાયટી નજીક પાલિકાની રિઝર્વેશનની જમીન પર આસપાસના વિસ્તારના બાળકોને ધ્યાનમાં રાખીને આંગણવાડીનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. જોકે, સ્થાનિકોનો આક્ષેપ છે કે આ સ્થળે આંગણવાડીનું બાંધકામ થવાથી રહેણાંક વિસ્તારની સુવિધાઓ અને અવરજવરને અસર થશે. આ અંગે અગાઉ પાલિકાના સંબંધિત વિભાગ સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં તેમની રજૂઆતને કોઈ મહત્વ આપવામાં આવ્યું ન હોવાનું સ્થાનિકો એ જણાવ્યું હતું. સ્થાનિક રહેવાસીઓએ સ્થળ પર પહોંચી બાંધકામનો વિરોધ કર્યો હતો. વિરોધ દરમિયાન કોન્ટ્રાક્ટરને કામગીરી બંધ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી તેમજ સૂત્રોચ્ચાર કરીને પાલિકા સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

એક સમયે વાતાવરણ તંગ બનતાં પાલિકાના અધિકારીઓ અને પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. અધિકારીઓએ સ્થાનિકો સાથે ચર્ચા કરીને સમગ્ર મામલે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપતા સ્થિતિસામાન્ય બની હતી.

# વેડ રોડના ત્રિલોકનગરમાં અસરગ્રસ્ત ૨૨૬ પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયનું વિતરણ કરાયુ

બ્યુરો રિપોર્ટ :-
જે બી ટાંક પત્રકાર સુરત

તાજેતરમાં થયેલા ભારે વરસાદને કારણે વેડ રોડ વિસ્તારના ત્રિલોક નગરમાં ૩થી ૪ ફૂટ જેટલું પાણી ભરાઈ જતાં અનેક પરિવારોના ઘરોમાં નુકસાન થયું હતું. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. ત્રિલોક નગર વિસ્તારમાં આશરે ૪૦૦ ઘરોનો સર્વે કરવામાં આવ્યો હતો. સર્વેના આધારે ૨૨૬ પાત્ર પરિવારોને પરિવારદીઠ રૂ. ૬,૮૦૦ની કેશડોલ્સ સહાય તેમજ જરૂરી ઘરવખરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સહાયથી અસરગ્રસ્ત પરિવારોને મુશ્કેલીના સમયમાં તાત્કાલિક રાહત મળી છે.



સહાય વિતરણની કામગીરી સાથે સંકળાયેલા તલાટી મંત્રી શ્રી વિશાલ કોંડેએ જણાવ્યું હતું કે, પૂરના પાણી ઓસર્યા બાદ જિલ્લા કલેક્ટર શ્રી તેજસ પરમાર અને પ્રાંત અધિકારી(ઉત્તર) નેહાબેન સવાણીના માર્ગદર્શન હેઠળ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપભેર સર્વે પૂર્ણ કરી સહાય વિતરણ કરવામાં આવી રહી છે. વેડ રોડ સ્થિત ત્રિલોકનગરમાં ૨૨૬ જેટલા ઘરોમાં પાણી ભરાતાં ઘરવખરી નુકસાનગ્રસ્ત થઈ હતી. જેથી સર્વે પૂરો કરી પ્રત્યેક પરિવારને ૬૮૦૦ ની સહાય આપવામાં આવી છે. આમ, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અસરગ્રસ્ત પરિવારો સુધી ઝડપથી સહાય પહોંચે તે માટે સતત કામગીરી હાથ ધરાઈ છે, જેથી પૂર પ્રભાવિત નાગરિકોને જરૂરી રાહત સમયસર મળી રહી છે. મુશ્કેલીના સમયે સરકારે અમારો હાથ પકડ્યો, સમયસરની સહાયથી શ્રમિક પરિવારોને મોટો આધાર મળ્યો: લાભાર્થી કલેસાવભાઈ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટીતંત્રની ત્વરિત કામગીરી બદલ આભાર વ્યક્ત કરતાં લાભાર્થી કલેસાવભાઈએ જણાવ્યું હતું કે, "ભારે વરસાદના કારણે અચાનક અમારા ઘરમાં પાણી ભરાઈ ગયા હતા. જોતજોતામાં ઘરનો તમામ સામાન અને અનાજ પલળી જતાં ભારે નુકસાન થયું હતું. પૂર જેવા માહોલમાં અમારો પરિવાર મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ ગયો હતો અને આગળ શું કરવું તેની ચિંતા સતાવી રહી હતી. પરંતુ આવી સંકટની ઘડીમાં જિલ્લા વહીવટીતંત્ર અમારી વહારે આવ્યું હતું. સરકાર દ્વારા કોઈ પણ વિલંબ વિના સમયસર રૂ. ૬,૮૦૦ની કેશડોલ્સ અને ઘરવખરી સહાય પૂરી પાડવામાં આવી છે, જેનાથી અમારા પરિવારને મોટી રાહત મળી છે. ગરીબોની ચિંતા કરતી આ સંવેદનશીલ સરકાર અને જિલ્લા વહીવટીતંત્રનો હું હૃદયપૂર્વક આભાર માનું છું."

# મોબાઇલ માટે ઠપકો મળતાં ૧૪ વર્ષની વિદ્યાર્થીની ઘરેથી નીકળી ગઇ

(સંપૂર્ણ સમાચાર સેવા) વડોદરા,તા.૧૪

વડોદરા શહેરના સમા વિસ્તારમાં બનેલી એક ઘટનાએ વાલીઓ અને વિદ્યાર્થીઓ બંને માટે ચિંતાનો વિષય ઉભો કર્યો છે. ૧૪ વર્ષની એક વિદ્યાર્થીનીને તેના વાલીઓએ મોબાઈલના વધુ ઉપયોગ અંગે ઠપકો આપી અભ્યાસમાં ધ્યાન આપવા સમજાવતાં તે મન દુઃખી થઈ ગઈ હતી. લાગણીના આવેશમાં તેણે કોઈને જાણ કર્યા વગર સાંજના સમયે ઘર છોડી દીધું હતું.

ઘરમાંથી નીકળ્યા બાદ પરિવારજનોએ આસપાસના વિસ્તારોમાં તેમજ સગા-સંબંધીઓ પાસે શોધખોળ શરૂ કરી હતી. લાંબા સમય સુધી કોઈ માહિતી ન મળતાં પરિવારજનોએ ફતેગંજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસ અધિકારીઓએ તાત્કાલિક જુદી જુદી ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે શહેર અને આસપાસના વિસ્તારોમાં લાગેલા ૧૫૦થી વધુ CCTV કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. આ તપાસમાં વિદ્યાર્થીની વડોદરા બસ ડેપો સુધી પહોંચ્યાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તે અમદાવાદ જતી બસમાં બેઠી હોવાનું સ્પષ્ટ થતાં પોલીસની એક ટીમ તાત્કાલિક અમદાવાદ માટે રવાના થઈ હતી. અમદાવાદ પોલીસની મદદથી CCTV ફૂટેજ તેમજ મોબાઈલ સર્વેલન્સના આધારે સતત તપાસ આગળ વધારવામાં આવી હતી. અંતે મધરાત્રિના સમયે અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં આવેલી એક ચાની લારી પાસે વિદ્યાર્થીની એકલી બેઠેલી જોવા મળી હતી. પોલીસે તેને સુરક્ષિત કસ્ટડીમાં લઈ તેની પ્રાથમિક પૂછપરછ કરી હતી. ત્યારબાદ પરિવારજનોને જાણ કરવામાં આવી અને જરૂરી કાર્યવાહી બાદ સગીરાને પરિવારને સોંપવામાં આવી હતી.

આ સમગ્ર ઘટનામાં સગીરા સંપૂર્ણપણે સુરક્ષિત મળી આવતા પરિવારજનો તેમજ પોલીસ અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# સુરત શહેર એસ.ઓ.જી. હથિયારના ગુનામાં ફરાર રીઢા આરોપીને ઝડપી પાડવામાં મહત્વની સફળતા મળી

અહેવાલ દિનેશ ભાઇ ઠાકોર

અડાજણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દેશી તમંચાના ગુનામાં વોન્ટેડ આરોપી જીતુ ઉર્ફે બિલ્લો આલજીભાઈ રાઠોડને એસ.ઓ.જી.ની ટીમે નાનપુરા મક્કાઈપુલ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.




પોલીસ કમિશ્નર શ્રી વાબાંગ જામીરના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ નકુમની દેખરેખમાં એસ.ઓ.જી.ની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી આ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું કે લગભગ પાંચ વર્ષ પહેલાં તાપી નદીમાં નહાવા દરમિયાન તેને ચાર દેશી બનાવટના તમંચા મળ્યા હતા. જેમાંથી એક તમંચો તેણે પોતાના મિત્ર અંકિત ઉર્ફે અંકુને આપ્યો હતો, જ્યારે બાકીના ત્રણ તમંચા સાથે વર્ષ ૨૦૨૪માં તે ડી.સી.બી. પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

ત્યારબાદ અંકિત પણ એસ.ઓ.જી. દ્વારા દેશી તમંચા સાથે ઝડપાતા તેણે પૂછપરછમાં જીતુ ઉર્ફે બિલ્લાનું નામ આપ્યું હતું. જેના કારણે આરોપી પોલીસથી બચવા માટે સુરત છોડીને ફરાર થઈ ગયો હતો.

હાલ એસ.ઓ.જી. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે અને સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# લાલગેટ પોલીસના NDPS કેસમાં નાસતા ફરતા સપ્લાયરની SOG દ્વારા ધરપકડ

અહેવાલ દિનેશભાઈ ઠાકોર

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાના અભિયાન હેઠળ સુરત શહેર એસ.ઓ.જી.ને વધુ એક સફળતા મળી છે.




પોલીસ કમિશ્નર શ્રી વાબાંગ જામીરના માર્ગદર્શન તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ નકુમના સુપરવિઝન હેઠળ, પોલીસ ઈન્સ્પેક્ટર એ.એસ. સોનારાના નેતૃત્વમાં એસ.ઓ.જી.ની ટીમે લાલગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS કેસમાં ફરાર આરોપી રીઝવાન ઉર્ફે રીઝવાન જાડો (ઉંમર ૩૨)ને શાહપોર પટ્ટણી હોલ નજીકથી ઝડપી પાડ્યો છે.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી કે તે ગેરકાયદેસર રીતે ડ્રગ્સનું વેચાણ કરતો હતો. તેણે પોતાના સાળા મોહંમદ આબીદ બારડોલીવાલાને ડ્રગ્સ વેચ્યા હતા. ત્યારબાદ તે ડ્રગ્સ તેના પિતા મોહંમદ ઉમર બારડોલીવાલાને રાખવા આપવામાં આવ્યા હતા. લાલગેટ પોલીસે અગાઉ કરેલી રેડ દરમિયાન તેમના ઘરેથી ૩૦.૬૮૦ ગ્રામ ડ્રગ્સ, અંદાજિત રૂ. ૯૨,૦૪૦ના મુદ્દામાલ સાથે જપ્ત કરવામાં આવ્યા હતા. આ કેસમાં નામ ખુલતાં રીઝવાન ફરાર થઈ ગયો હતો.

# ભગવાનને સોનાનું મંદિર જોઈએ કે તેમના સંતાનોને સોનેરી ભવિષ્ય?: - હાર્દિક હરમહેશ ઠાકર

ભગવાનને કરોડો રૂપિયાનું મંદિર વધારે ગમશે કે તેમના સંતાનોના જીવનમાં પ્રકાશ?: ભારતમાં દર વર્ષે મંદિરોમાં હજારો કરોડ રૂપિયાનું દાન કરવામાં આવે છે. જાહેરમાં ઉપલબ્ધ અંદાજિત માહિતી મુજબ કેટલાક મોટા મંદિરોમાં વાર્ષિક દાન અને આવક જોઈએ તો, તિરુમલા તિરુપતિ બાલાજીમાં રૂ.૧,૫૦૦ કરોડથી વધુ, વૈષ્ણો દેવીમાં રૂ.૫૦૦ થી ૭૦૦ કરોડ, શિરડી સાઈબાબામાં રૂ.૪૦૦ થી ૪૮૦ કરોડ અને મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાં રૂ.૧૮૦ કરોડથી વધુનું દાન આવે છે. આ માત્ર થોડાં ઉદાહરણો છે. દેશભરના હજારો મોટા અને લાખો નાના મંદિરોમાં મળતું કુલ દાન દર વર્ષે હજારો કરોડ રૂપિયાથી વધુ હોવાનું માનવામાં આવે છે.

આ માત્ર થોડાં ઉદાહરણો છે. દેશભરના હજારો મોટા અને લાખો નાના મંદિરોમાં મળતું કુલ દાન દર વર્ષે હજારો કરોડ રૂપિયાથી વધુ હોવાનું માનવામાં આવે છે.

બીજી તરફ...

- લાખો મધ્યમવર્ગીય પરિવારો બાળકોની ફી ભરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.
- હજારો તેજસ્વી વિદ્યાર્થીઓ માત્ર પૈસાના અભાવે ઉચ્ચ શિક્ષણનું સપનું અધૂરું રાખે છે.
- લાખો યુવાનો પાસે પ્રતિભા છે, પરંતુ તાલીમ અને રોજગારની તક નથી.
- અનેક પરિવારો સારવારના ખર્ચ સામે હારી જાય છે.
- આજે પણ અનેક લોકો ભીખ માંગવા મજબૂર છે.

શું આ લોકો ભગવાનના સંતાનો નથી?

જો દરેક મંદિર, ટ્રસ્ટ અને દાતાશ્રી પોતાના કુલ દાનમાંથી માત્ર 10% રકમ શિક્ષણ, આરોગ્ય, કૌશલ્ય વિકાસ અને ગરીબોના પુનર્વસન માટે ફાળવે, તો ભારતનું ભવિષ્ય બદલાઈ શકે.

કલ્પના કરો...

- કોઈ બાળક ફીના અભાવે અભ્યાસ છોડશે નહીં.
- દરેક યુવાનને કૌશલ્ય અને રોજગારની તક મળશે.
- ગરીબ પરિવારોને સમયસર સારવાર મળશે.
- ભિક્ષાવૃત્તિમાં નોંધપાત્ર ઘટાડો થશે.
- મધ્યમવર્ગને આર્થિક રીતે મજબૂત બનવાની નવી તક મળશે.



આપણે ભગવાનને સોનાનો મુકુટ પહેરાવીએ છીએ...

પરંતુ શું આપણે તેમના સંતાનોને શિક્ષણનો તાજ પહેરાવી શકીએ?

આપણે મંદિરના શિખરો આકાશ સુધી ઊંચા બનાવીએ છીએ...

પરંતુ શું આપણે ગરીબોના સપનાઓને પણ એટલાં જ ઊંચા બનાવી શકીએ?

મંદિરમાં કરેલું દાન પુણ્ય છે.

પરંતુ માનવ જીવન બદલતું દાન મહાપુણ્ય છે.

મારો કોઈ વિરોધ નથી.

મારી માત્ર એક વિનંતી છે.

મંદિર પણ બનાવીએ અને માનવતા પણ બનાવીએ.

ભગવાનનું ઘર પણ ભવ્ય હોવું જોઈએ અને ભગવાનના સંતાનોનું ભવિષ્ય પણ ભવ્ય હોવું જોઈએ.

જો આપણે આ બંને બાબતોમાં સંતુલન લાવી શકીએ, તો ભારત માત્ર ધાર્મિક રીતે જ નહીં, પરંતુ શિક્ષણ, રોજગાર, આરોગ્ય અને માનવતામાં પણ વિશ્વનું શ્રેષ્ઠ રાષ્ટ્ર બની શકે.

આજે ભગવાનને સોનાનું સિંહાસન અર્પણ કરતાં પહેલાં, એક ગરીબ બાળકના ભવિષ્યમાં પણ થોડું રોકાણ કરીએ. કદાચ એ જ ભગવાનને સૌથી વધુ પ્રિય દાન હશે.

જય શ્રી રામા હાર્દિક હરમહેશ ઠાકર જાહેર નોંધ: આ પ્રેસ નોટમાં દર્શાવાયેલા દાનના આંકડા જાહેરમાં ઉપલબ્ધ અંદાજિત માહિતી પર આધારિત છે. વિવિધ મંદિરોની આવક અને દાન વર્ષ પ્રમાણે બદલાઈ શકે છે. લેખનો હેતુ કોઈ ધાર્મિક સંસ્થા અથવા મંદિરની ટીકા કરવાનો નથી, પરંતુ ધાર્મિક દાનની સાથે શિક્ષણ, આરોગ્ય અને સામાજિક વિકાસ માટે પણ વધુ સહયોગ આપવા અંગે રચનાત્મક ચર્ચા પ્રેરવાનો છે.

# રથયાત્રા મહોત્સવમાં શ્રી હર્ષ સંઘવીએ સારસપુરના બાલા હનુમાનજી મંદિરે ચરણ પાદુકાનું પૂજન કર્યુ

અમદાવાદ,

રથયાત્રા મહોત્સવના પાવન અવસરે રાજ્યના ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સારસપુર સ્થિત શ્રી બાલા હનુમાનજી મંદિરે દર્શન કરી ભગવાનની ચરણ પાદુકાનું વિધિવત્ પૂજન-અર્ચન કર્યું હતું.

તેમણે રાજ્યમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વજન કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

રથયાત્રા મહોત્સવના અનુસંધાનમાં આવતીકાલે સારસપુર ખાતે દેશભરના વિવિધ તીર્થસ્થાનોમાંથી પધારનારા સાધુ-સંતો માટે ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સાધુ-સંતોનું સન્માન કરી તેમને દક્ષિણા અર્પણ કરવામાં આવશે તેમજ વસ્ત્રદાનનો પવિત્ર કાર્યક્રમ પણ યોજાશે.

આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંત-મહંતો, મહામંડલેશ્વરો, આગેવાનો અને હરિભક્તો ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવશે. રથયાત્રા મહોત્સવ નિમિત્તે સારસપુર સ્થિત શ્રી બાલા હનુમાનજી મંદિરે ચરણ પાદુકાનું પૂજન કરતા રાજ્યના ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી.



# પ્રિવેન્ટિવ ડિટેન્શનઃ ગુનો થાય તે પહેલાં જ અટકાયત કેમ? કાયદા ની કેડીએ-ડો. ટી.વી.રાજપુત



પ્રિવેન્ટિવ ડિટેન્શન **(Preventive Detention)** નો અર્થ એવો થાય છે કે કોઈ વ્યક્તિ દ્વારા ભવિષ્યમાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થા, રાષ્ટ્રીય સુરક્ષા અથવા સમાજની સુરક્ષાને જોખમ પહોંચે તેવી સંભાવના હોય ત્યારે તેને ગુનો થાય તે પહેલાં જ કાયદાકીય રીતે અટકાયતમાં રાખવામાં આવે. સામાન્ય રીતે કોઈ વ્યક્તિએ ગુનો કર્યા પછી તેની ધરપકડ કરવામાં આવે છે, પરંતુ પ્રિવેન્ટિવ ડિટેન્શનનો હેતુ સંભવિત ગુનાને અટકાવવાનો હોય છે.

ભારતના બંધારણમાં વ્યક્તિગત સ્વતંત્રતાને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. તેમ છતાં, દેશની સુરક્ષા અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને બંધારણની કલમ ૨૨ હેઠળ પ્રિવેન્ટિવ ડિટેન્શન માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ સરકાર અથવા સત્તાધિકૃત અધિકારીને એવી વ્યક્તિને અટકાયતમાં રાખવાનો અધિકાર છે જેના વિશે વાજબી કારણોસર એવું માનવામાં આવે કે તે ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાને નુકસાન પહોંચાડી શકે છે.

પ્રિવેન્ટિવ ડિટેન્શન અને સામાન્ય ધરપકડ વચ્ચે તફાવત છે. સામાન્ય ધરપકડ ત્યારે થાય છે જ્યારે વ્યક્તિએ કોઈ ગુનો કર્યો હોય અથવા તેના વિરુદ્ધ ગુનાનો પુરાવો હોય. જ્યારે પ્રિવેન્ટિવ ડિટેન્શનમાં વ્યક્તિએ હજુ સુધી કોઈ ગુનો કર્યો ન હોય છતાં ભવિષ્યમાં ગુનો કરવાની શક્યતા અથવા જાહેર શાંતિ ભંગ કરવાની આશંકાના આધારે કાર્યવાહી કરવામાં આવે છે.

ભારતમાં વિવિધ કાયદાઓ હેઠળ પ્રિવેન્ટિવ ડિટેન્શનની જોગવાઈ કરવામાં આવી છે. ઉદાહરણ તરીકે, રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ **(National Security Act - NSA)**, ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ **(PASA), COFEPOSA** વગેરે કાયદાઓ હેઠળ સરકાર ચોક્કસ પરિસ્થિતિઓમાં વ્યકિતને અટકાયતમાં રાખી શકે છે. ગુજરાત રાજ્યમાં ખાસ કરીને **PASA** કાયદાનો ઉપયોગ બૂટલેગર, ખતરનાક વ્યકિત, ડ્રગ્સ સંબંધિત ગુનાઓ કરનાર, જમીન માફિયા અને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડનાર વ્યક્તિઓ સામે કરવામાં આવે છે.


બંધારણ વ્યકિતના અધિકારોનું પણ રક્ષણ કરે છે. પ્રિવેન્ટિવ ડિટેન્શન હેઠળ અટકાયતમાં લેવામાં આવેલી વ્યક્તિને તેના અટકાયતના કારણોની જાણ શક્ય તેટલી વહેલી તકે કરવી જરૂરી છે. ઉપરાંત, તેને પોતાના બચાવ માટે રજૂઆત કરવાનો અધિકાર પણ આપવામાં આવે છે. જોકે કેટલીક સંવેદનશીલ માહિતી જાહેર હિતમાં ગુપ્ત રાખવામાં આવી શકે છે.

પ્રિવેન્ટિવ ડિટેન્શનના આદેશની સમીક્ષા માટે એડવાઈઝરી બોર્ડ **(Advisroy Board)** ની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બોર્ડ સામાન્ય રીતે ઉચ્ચ ન્યાયાલયના વર્તમાન અથવા ભૂતપૂર્વ ન્યાયાધીશોથી બનેલો હોય છે. બોર્ડ તપાસ કરે છે કે અટકાયત માટે પૂરતા કારણો છે કે નહીં. જો બોર્ડને લાગે કે અટકાયત માટે યોગ્ય આધાર નથી, તો વ્યક્તિને મુક્ત કરવાની ભલામણ કરી શકાય છે.

ભારતની અદાલતોએ પણ અનેક ચુકાદાઓમાં જણાવ્યું છે કે પ્રિવેન્ટિવ ડિટેન્શન એક અસાધારણ સત્તા છે અને તેનો ઉપયોગ ખૂબ જ સાવધાનીપૂર્વક થવો જોઈએ. માત્ર શંકા અથવા અનુમાનના આધારે વ્યકિતની સ્વતંત્રતા છીનવી શકાય નહીં. સત્તાધિકારીઓએ પૂરતા અને વાજબી આધાર હોવા જરૂરી છે.

નિષ્કર્ષરૂપે, પ્રિવેન્ટિવ ડિટેન્શન એ એવો કાનૂની ઉપાય છે જેનો મુખ્ય હેતુ ગુનો થાય તે પહેલાં તેને રોકવાનો અને જાહેર શાંતિ, સુરક્ષા તથા રાષ્ટ્રીય હિતનું રક્ષણ કરવાનો છે. જોકે આ સત્તા વ્યક્તિગત સ્વતંત્રતા પર અસર કરતી હોવાથી તેનો ઉપયોગ કાયદાની મર્યાદામાં, ન્યાયસંગત રીતે અને બંધારણીય સુરક્ષાઓનું પાલન કરીને જ થવો જોઈએ.

# શક્તિ ટ્રાવેલ્સના ૫૦ માં વર્ષમાં મંગળ પ્રવેશ




**અમદાવાદ,**

**"Your Journey Partner Since 1977"** તરીકે જાણીતી શક્તિ ટ્રાવેલ્સે પ્રવાસ અને પર્યટન ક્ષેત્રમાં સફળતાપૂર્વક ૪૯ વર્ષની ગૌરવશાળી સફર પૂર્ણ કરી છે અને રથયાત્રાના પાવન પર્વના દિવસે ૫૦મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે.

૫૦માં વર્ષમાં પ્રવેશના અવસરે ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વડીલો તેમના પુત્ર અથવા પુત્રી સાથે શક્તિ ટ્રાવેલ્સ આયોજિત કોઈપણ ભારત દેખો ગ્રુપ પ્રવાસમાં જોડાશે તો તેમને ૨૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

આ પહેલનો મુખ્ય હેતુ દાદા-દાદી અને પૌત્ર-પૌત્રીને સાથે પ્રવાસ કરવા પ્રોત્સાહિત કરવાનો તેમજ સંયુક્ત કુટુંબને જોડવાનો છે. જીવનભરની વ્યસ્તતા અને એકબીજા સાથે સમયના અભાવે પરિવાર સાથે સમય પસાર કરવો મુશ્કેલ બન્યો છે ત્યારે શક્તિ ટ્રાવેલ્સને આશા છે કે આ વિશેષ ઓફર વધુ પરિવારોને સાથે પ્રવાસ કરવા માટે પ્રેરણા આપશે.

આ પ્રસંગે શક્તિ ટ્રાવેલ્સ વતી શ્રી મહેશભાઈ દુદકિયાએ જણાવ્યું હતું કે, "ગત ૪૯ વર્ષ દરમિયાન અમારા ગ્રાહકોને વિશ્વાસ અને સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. ૫૦માં વર્ષમાં પ્રવેશના આ અવસરે અમે અમારા ગ્રાહકો અને વૃદ્ધ દંપતિઓને પરિવાર સાથે સમય પસાર કરવા તેમજ સંબંધોને વધુ મજબૂત બનાવવા પ્રોત્સાહિત કરવા માંગીએ છીએ.

અમારો વિશ્વાસ છે કે પોતાના સ્વજનો સાથે કરેલી દરેક મુસાફરી વધુ યાદગાર બની જાય છે."

વર્ષ ૧૯૭૭માં સ્થાપિત શક્તિ ટ્રાવેલ્સે દેશ અને વિદેશની પ્રવાસ સેવા ગુણવત્તાસભર, સુવ્યવસ્થિત દર પેકેજ અને વ્યક્તિગત પ્રતિબદ્ધતા દ્વારા પ્રવાસ ક્ષેત્રે વિશ્વસનીય નામ તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. લગભગ પાંચ દાયકાથી કંપની પોતાના ગ્રાહકોને આરામદાયક, યાદગાર અને સુરક્ષિત પ્રવાસનો અનુભવ કરાવવા માટે સતત પ્રતિબદ્ધ રહી છે.

# સોશિયલ મીડિયાના આકર્ષણમાંથી યુવતીને બહાર લાવી ઉચ્ચ અભ્યાસ અને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી સફળ પુનઃસ્થાપન કરાવતી સખી વન સ્ટોપ સેન્ટર

**બ્યુરો રિપોર્ટ :- જે બી ટાંક પત્રકાર સુરત**

તાજેતરમાં ૧૩ વર્ષીય અરજદાર બી.એસ.સી. નર્સિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને પોતાની માતા દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર,સુરત ખાતે કાઉન્સિલિંગ માટે લાવવામાં આવી હતી. સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ મારફતે એક યુવક સાથે છેલ્લા છ મહિનાથી સંપર્કમાં આવતા બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. અરજદાર તે યુવક સાથે લગ્ન કરવા ઈચ્છતી હતી, જ્યારે માતા-પિતા આ સંબંધથી અસંમતિ ધરાવતા હોવાથી પરિવારમાં સતત મતભેદ અને તણાવનું વાતાવરણ સર્જાયું હતું. સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફ દ્વારા અરજદારને પ્રાથમિક સુવિધાઓ સાથે હૂંફભર્યું વાતાવરણ પૂરું પાડવામાં આવ્યું તેમજ સતત કાઉન્સિલિંગ કરવામાં આવ્યું. કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળ્યું કે, યુવિત માનસિક તણાવ અનુભવતી હતી અને તેને આત્મહત્યાના વિચારો પણ આવતા હતા. અરજદારની સંમતિથી તેને સેન્ટરમાં ચાર દિવસ માટે આશ્રય આપવામાં આવ્યો. આશ્રય દરમિયાન કાઉન્સિલિંગ દ્વારા અરજદારને જીવનનું મહત્વ, આત્મવિશ્વાસ, ઉચ્ચ અભ્યાસનું મૂલ્ય, માતા-પિતાના નિઃસ્વાર્થ પ્રેમ તેમજ સોશિયલ મીડિયા દ્વારા થતા આકર્ષણ અને વાસ્તવિક જીવન વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો. સતત માર્ગદર્શન અને ભાવનાત્મક સહકારના પરિણામે અરજદારમાં સકારાત્મક પરિવર્તન આવ્યું અને તેણે પોતાના ભવિષ્યને પ્રાથમિકતા આપી માતા સાથે ઘરે પરત જવાની સંમતિ દર્શાવી. મહિલા અને બાળ અધિકારીશ્રી આર. એન. ગામીત તથા દહેજ પ્રતિબંધક સહ સંરક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ યુવતિનું માતા-પિતા સાથે સલામતીપૂર્વક પુનઃસ્થાપન કરવામાં આવ્યું હતું. સખી વન સ્ટોપ સેન્ટરની સમયસરની દરમિયાનગીરી, અસરકારક કાઉન્સિલિંગ અને સતત પ્રયાસોના પરિણામે એક યુવતીને માનસિક તણાવમાંથી બહાર લાવી ઉચ્ચ અભ્યાસ અને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધવા માટે પ્રેરણા મળી,

# નજરે-કરમ — સંત રાજીન્દર સિંહજી મહારાજ



સતગુરુના દર્શન એટલા પ્રભાવશાળી કેમ હોય છે? તેનો અનુભવ માત્ર તે જ લોકો કરી શકે છે, જેમના પર પોતાના સતગુરુની કૃપાદૃષ્ટિ (નજરે-કરમ) પડે છે અથવા જે તે દિવ્ય દૃષ્ટિ મેળવવા માટે તરસતા હોય છે.

જ્યારે શિષ્ય આ કૃપાદૃષ્ટિથી વિખૂટો પડે છે, ત્યારે તે પોતાના સતગુરુના વિયોગમાં વિરહનો અનુભવ કરે છે. જેમ કોઈ દૂધ પીતા બાળકને તેની માતાથી અલગ કરી દેવામાં આવે, તો તે પોતાની માતા મળ્યા વગર સતત રડતું રહે છે; તેવી જ રીતે જ્યારે શિષ્યના હૃદયમાં સતગુરુને મળવાની તીવ્ર ઈચ્છા જાગે છે, ત્યારે તેનું મન દુનિયાના આકર્ષણોથી હટી અંદરના દિવ્ય પ્રેમની શોધમાં લાગી જાય છે. જ્યાં સુધી તેને સતગુરુની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેને સાચી શાંતિ મળતી નથી.

જ્યારે શિષ્યને સતગુરુની પ્રેમભરી નજર મળે છે, ત્યારે તેની આત્માને આંતરિક આધ્યાત્મિક મંડળોમાં ઉડાન ભરવાની પ્રેરણા મળે છે. આ જ કારણ છે કે વિશ્વના ખૂણેખૂણેથી હજારો લોકો એક સંત-સતગુરુના દર્શન કરવા આવે છે અને કલાકો સુધી તેમની રાહ જુએ છે, કારણ કે તેમની આત્મા સતગુરુની કૃપાદૃષ્ટિ મેળવવા આતુર હોય છે.

જ્યારે શિષ્યને સતગુરુની નજરે-કરમ પ્રાપ્ત થાય છે, ત્યારે તેની આત્મજાગૃતિ થાય છે. તે આ દુનિયાની ક્ષણભંગુરતા સમજી જાય છે. ત્યારબાદ તે પોતાના મનનો કેદી રહેતો નથી અને સંસારની કોઈ પણ વસ્તુ પ્રત્યે આસક્તિ રાખતો નથી, કારણ કે તે પોતાની આત્માના સાચા સ્વરૂપને ઓળખવા લાગે છે. તેને એ પણ સમજાય છે કે તેની આત્મા પરમપિતાનો અંશ છે અને સંત-સતગુરુની કૃપાદૃષ્ટિના માધ્યમથી જ તે પરમાત્માને મેળવી શકે છે. તેથી તે વહેલી તકે પોતાની આત્માનું પરમાત્મા સાથે મિલન કરાવવા આતુર બને છે.

જ્યારે શિષ્ય સંપૂર્ણ શ્રદ્ધા, પ્રેમ અને સમર્પણ સાથે સતગુરુની શરણ સ્વીકારે છે, ત્યારે સતગુરુની કૃપા તેના જીવનમાં અજ્ઞાનનો અંધકાર દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવે છે. ત્યારબાદ જીવનનો દરેક ક્ષણ પરમાત્માના સ્મરણ, પ્રેમ અને આનંદથી ભરાઈ જાય છે.

આથી, આપણે હંમેશાં નમ્રતા, પ્રેમ અને ભક્તિ સાથે સતગુરુના ચરણોમાં જોડાયેલા રહેવું જોઈએ, કારણ કે તેમની કૃપાદૃષ્ટિ જ આપણને આત્મસાક્ષાત્કાર અને અંતે પરમાત્મા સાથેના શાશ્વત મિલન સુધી પહોંચાડી શકે છે.

સાવન કૃપાલ રૂહાની મિશનના વિશ્વભરમાં ૩૪૦૦ થી વધુ કેન્દ્રો છે. તેનું મુખ્યાલય વિજયનગર, દિલ્હી ખાતે છે અને આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપરવિલ, શિકાગો, અમેરિકા ખાતે આવેલ છે. સાવન કૃપાલ રૂહાની મિશન વધારે માહિતી માટે સંપર્ક કરો ૯૮૨૫૪૬૭૧૧૦, **skrmzn12@gmail.com**

# ગાંધીનગરની ઇ-બસમાં રોજ સરેરાશ દસ હજારથી વધુ નાગરિકો મુસાફરી કરે છે

## ગાંધીનગરની નવી ઇ-બસ સેવા : એસી અને સીસીટીવીથી સજ્જ. સલામત અને આરામદાયક મુસાફરી : ગ્રીન, ક્લીન અને સ્માર્ટ ગાંધીનગરના નિર્માણ તરફ મહાનગરપાલિકાની આગેકૂચ



**ગાંધીનગર,**

દુનિયાનાં કોઈપણ શહેરનાં વિકાસનો માપદંડ તેના સરળ અને મજબૂત પબ્લિક ટ્રાન્સપોર્ટમાં રહેલો હોય છે. હાલમાં જ ગાંધીનગરમાં નવી શરૂ થયેલી એ.સી. ઈ-બસ સેવા આ દિશામાં જ એક મહત્વનું પગલું સાબિત થઈ છે. આ ઇ-બસ સેવાને મુસાફરોનો અદભુત પ્રતિસાદ મળ્યો છે. ૧૪ દિવસ દરમિયાન કુલ ૧,૫૩,૫૦૯ મુસાફરોએ આ સેવાનો લાભ લીધો હતો. એટલે કે રોજ સરેરાશ ૧૦,૯૬૫ મુસાફરોએ આ બસોમાં મુસાફરી કરી છે. આ આંકડાઓ કહી રહ્યા છે કે ગાંધીનગર મહાનગરપાલિકાએ શરૂ કરેલી નવી વાતાનુકુલિત ઈલેક્ટ્રીક બસ સેવા નાગરિકો માટે વરદાન સાબિત થઈ છે. રાજ્યનાં હરિયાળી રાજધાનીનાં સ્થાનિક નાગરિકો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓ માટે આ સરળ પબ્લિક ટ્રાન્સપોર્ટ ઈઝ ઓફ લીવીંગમાં સુધારો કરી રહ્યું છે. રોજબરોજ મુસાફરી કરતા લોકો માટે આ સેવા તેમની દૈનિક જિંદગીને વધુ સરળ, સુરક્ષિત અને તણાવમુક્ત બનાવતું એક સક્ષમ માધ્યમ બની છે. મહાનગરપાલિકાની આ પહેલ ગ્રીન, ક્લીન અને સ્માર્ટ ગાંધીનગરના નિર્માણ તરફની આગેકુચ છે. શરૂઆતમાં આ સુવિધા શરૂ કરવામાં આવી હતી ત્યારે તેને મોળો પ્રતિસાદ મળ્યો હતો. પહેલા દિવસે એટલે ૨૯ જૂન ૨૦૨૬ ના દિવસે સૌથી ઓછા ૬,૧૨૦ મુસાફરો નોંધાયા હતા. પરંતુ આ બસ સેવાની સુવિધા અને આરામદાયક મુસાફરીનો અનુભવ થતાં જ નાગરીકોનો ધસારો સતત વધતો રહ્યો. અને ૧૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ રેકોર્ડબ્રેક ૧૩,૬૧૫ મુસાફરોએ એક જ દિવસમાં સવારી કરીને કીર્તિમાન સ્થાપિત કર્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલી નવી બસ સેવા સ્થાનિક મુસાફરો અને અપ-ડાઉન કરતા નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ધમાસણાથી સરગાણ સુધી નિયમિત અપ-ડાઉન કરતા મુસાફર ત્રિવેદી નિયતીએ આ બસ સેવા અંગે પોતાનો સુખદ અનુભવ જણાવતા કહ્યું કે, પ્સ્ઝ દ્વારા શરૂ કરાયેલી આ બસ મુસાફરો માટે ખૂબ જ સગવડભરી છે. ખાસ કરીને આ બસનું ભાડું ખૂબ જ રાહત દરે રાખવામાં આવ્યું હોવાથી સામાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓ પર આર્થિક બોજ પડતો નથી. બસ સંપૂર્ણપણે એર-કન્ડિશન્ડ હોવાથી ઉનાળાની ગરમીમાં પણ મુસાફરી એકદમ આરામદાયક રહે છે. બસમાં ઝઝ્રફ કેમેરાની સુવિધા ઉપલબ્ધ છે, જેના કારણે બસમાં મુસાફરી કરતી યુવતીઓ અને મહિલાઓ પોતાની જાતને સંપૂર્ણ સુરક્ષિત અનુભવે છે.

**ગરમી અને પ્રદૂષણથી મુક્તિ, ઠંડક આપતી આરામદાયક મુસાફરી**

કાળઝાળ ગરમીમાં રોજીંદી મુસાફરી એક મોટો પડકાર હતો. પરંતુ હવે સંપૂર્ણપણે એર-કન્ડિશન્ડ ઈ-બસ સેવાને કારણે મુસાફરો અત્યંત આરામદાયક અને ઠંડકભરી સફરનો આનંદ માણી રહ્યા છે. હવે નાગરિકો ધૂળ, ધુમાડા અને ઘોંઘાટથી દૂર મુસાફરો શાંતિથી પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકે છે.

**મહિલાઓની સલામતિની ખાતરી સીસીટીવીથી સજ્જ બસ**

મહિલાઓ માટે સુરક્ષા એ મુસાફરી દરમિયાન સૌથી મોટી મુંઝવણ હોય છે. આ ઈ-બસોમાં આધુનિક **CCTV** કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. જેને કારણે નોકરી કરતી મહિલાઓ, શાળાઓ અને કોલેજોમાં જતી યુવતીઓ કોઈપણ ભય વિના, સંપૂર્ણપણે સુરક્ષિત વાતાવરણમાં પ્રવાસ કરી શકે છે. પરિવારજનો પણ હવે તેમની દીકરીઓને એકલી મોકલવામાં ચિંતામુક્ત બન્યા છે.

**આર્થિક બોજમાંથી મોટી રાહત**

ખાનગી વાહનો કે ઓટોરિક્ષામાં રોજિંદી મુસાફરી કરવી મધ્યમ વર્ગ અને વિદ્યાર્થીઓ માટે ખૂબ ખર્ચાળ સાબિત થતી હતી. તેની સામે આ ઈ-બસોનું ભાડું ખૂબ જ રાહત દરે રાખવામાં આવ્યું છે. આ આર્થિક રાહતને કારણે સામાન્ય નાગરિકોના ખિસ્સા પરનો ભાર ઓછો થયો છે અને તેઓ સરળતાથી બચત કરી શક્યા છે.

**કનેક્ટિવિટીનું ઉત્તમ નેટવર્ક અને સમયની બચત**

શહેરના સરગાસણ સર્કલ, પથિકાશ્રમ ટર્મિનલ અને સચિવાલય જેવા મહત્વના કેન્દ્રોથી લઈને આસપાસના ગ્રામ્ય, શૈક્ષણિક અને ઔદ્યોગિક વિસ્તારો જેવા કે કલોલ, કડી, દહેગામ, ચિલોડા અને ચાંદખેડા સુધી સીધી કનેક્ટિવિટી આ બસોથી આપવામાં આવી છે. આ ઉપરાંત **IIT** ગાંધીનગર અને **PDEU** જેવા અગ્રણી એજ્યુકેશન હબ સીધા જોડાતા વિદ્યાર્થીઓનો કિંમતી સમય બચે છે અને વારંવાર વાહનો બદલવાની ઝંઝટમાંથી મુક્તિ મળી છે. નાગરિકોને પોતાની ખાનગી ગાડીઓ છોડીને જાહેર પરિવહનની આ અદભુત સુવિધાથી પરિચિત કરાવવા માટે ૧૫ દિવસ નિઃશુલ્ક પ્રવાસ સેવા શરૂ કરાઈ હતી. હજારો લોકોએ પોતાના ખાનગી બાઈક કે કાર ઘરે મૂકીને આ આરામદાયક ઈ-બસનો પ્રવાસ પસંદ કર્યો છે. આ બદલાવથી નાગરિકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી છુટકારો મળ્યો છે અને સાથે જ પર્યાવરણને સ્વચ્છ રાખવામાં પોતાનો મહત્વનો ફાળો આપ્યાનો ગર્વ અને સંતોષ પણ મળ્યો છે.

## ખાનગી વાહનો ઘરે મૂકીને શહેરનાં નાગરિકો અપનાવી રહ્યા છે સ્માર્ટ પબ્લિક ટ્રાન્સપોર્ટ

# TTE ની લાંચખોરી પર કોલકાતા હાઈકોર્ટ લાલઘૂમ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**કોલકાતા, તા.૧૪**

ભારતમાં ટ્રેનની મુસાફરી દરમિયાન ટ્રેનોમાં ખાલી સીટો મેળવવા માટે ભ્રષ્ટાચાર થતો હોવાનું સામે આવ્યું છે. ટ્રેનની ટિકિટ પર થતી લાંચખોરી અને ગેરરીતિઓ મામલે કોલકાતા હાઈકોર્ટે અત્યંત આકરી ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે, કેટલાક ટિકિટ એકઝામિનર્સ (TTEs) ટ્રેનોમાં ખાલી સીટોને "બજારમાં શાકભાજીની જેમ" વેચે છે. એક ગંભીર ગુનાહિત કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે દેશના તમામ રેલ્વે ઝોનના જનરલ મેનેજરોને (GMs) પત્ર લખીને આવા ભ્રષ્ટ અને બેદરકાર TTEs સામે કડકમાં કડક દંડાત્મક કાર્યવાહી સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો છે.જસ્ટિસ રાજશેખર મંથા અને જસ્ટિસ વિશ્વરૂપ ચૌધરીની ડિવિઝન બેન્ચે વર્ષ ૨૦૦૯ની એક અત્યંત આઘાતજનક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૦૯માં અરુણ ચક્રવર્તી અને સુનીલ કુમાર દાસ નામના બે વ્યક્તિઓ ન્યૂ જલપાઈગુડીથી સિયાલદાહ જતી 'તિસ્તા-ટોરસા એક્સપ્રેસ' માં જનરલ (બિનઅનામત) ટિકિટ લઈને ચઢ્યા હતા. તેમણે કાયદેસર પ્રક્રિયાના બદલે ઓન-ડ્યુટી TTE ને લાંચ આપીને ગેરકાયદેસર રીતે બર્થ મેળવી લીધી હતી. મુસાફરી દરમિયાન, આ સીટો પર બેઠેલા બે લૂંટારુઓએ તેમને કિંમતી સામાન લૂંટવાના ઈરાદાથી કોઈ નશીલી દવા પીવડાવી દીધી હતી. સારવાર દરમિયાન અરુણ ચક્રવર્તી તો બચી ગયા, પરંતુ ગંભીર બીમારીઓથી પીડાતા સુનીલ કુમાર દાસનું ડ્રગ્સના ઓવરડોઝના કારણે કરુણ મોત નીપજ્યું હતું.હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આ ગુનાનું મુખ્ય મૂળ TTE ની બેદરકારી અને લાંચખોરી છે. જો TTE એ પૈસા લઈને નિયમો વિરુદ્ધ બર્થ ન ફાળવી હોત, તો મુસાફરો આ ગુનાનો ભોગ ન બન્યા હોત. અદાલતે નોંધ્યું કે ટ્રેનમાં બિનઅનામત મુસાફરોને આવી રીતે સીટો આપવાથી તેમને ટ્રેક કરવા મુશ્કેલ બને છે, કારણ કે રેલ્વેના સત્તાવાર ચાર્ટમાં તેમનું નામ, સરનામું કે મોબાઈલ નંબર નોંધાયેલા હોતા નથી. કોર્ટે ઉમેર્યું, "આવા કિસ્સાઓમાં નાની ચોરીના ભોગ બનેલા મુસાફરોને પણ ઘણીવાર ગંભીર પરિણામો ભોગવવા પડે છે."

હાઈકોર્ટે આ કેસની નબળી તપાસ બદલ પોલીસ અને તપાસ અધિકારીની પણ આકરી ટીકા કરી હતી. તપાસ અધિકારીએ મૃતકના વિસેરાનો (Visera) ફોરેન્સિક રિપોર્ટ મેળવવાની પણ તસ્દી લીધી ન હતી, અને તેને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો કે નહીં તેના કોઈ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરાયા ન હતા. કોર્ટે કહ્યું, "તપાસ અધિકારી તરફથી થયેલી આ ગંભીર ભૂલ કોઈપણ સંજોગોમાં માફ કરી શકાય તેવી નથી.

આ કેસમાં ટ્રાયલ કોર્ટે અગાઉ બે આરોપીઓ આલોક ઘોષ અને ગોપાલ મિસ્ત્રીને હત્યા , ઝેર આપવા (IPC કલમ ૩૨૮) અને ચોરીના ગુના હેઠળ દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. આ બંને આરોપીઓ ૧૦ થી ૧૬ વર્ષ જેલમાં વિતાવ્યા બાદ હાલ જામીન પર બહાર છે. અંતમાં, ડિવિઝન બેન્ચે પૂર્વીય રેલ્વે સહિત દેશના તમામ રેલ્વે ઝોનના વડાઓને આ ચુકાદાની નકલ મોકલીને આદેશ આપ્યો છે કે ટ્રેનની ખાલી બર્થનો વેપાર કરનારા રેલ્વે કર્મચારીઓ સામે કડક પગલાં લેવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ મુસાફરને જીવ ગુમાવવો ન પડે.

# અદાણી હજીરા પોર્ટની ફાયર ટીમે સુરતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૬૫ કલાક સુધી સફાઈ કામગીરી કરી

**બ્યુરો રિપોર્ટઃ-**
**જે બી ટાંક પત્રકાર સુરત**



અદાણી હજીરા પોર્ટ લિમિટેડ (એએચપીએલ)ની ફાયર ટીમે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (એસએમસી)ની તાત્કાલિક વિનંતીના આધારે પૂરગ્રસ્ત વિસ્તારોમાં વ્યાપક પૂર પછીની સફાઈ કામગીરી હાથ ધરી હતી. તારીખ ૧૦ જુલાઈની વહેલી સવારે લગભગ ૩:૩૦ વાગ્યે કોલ મળતા જ ફાયર ફાઈટર્સની ટીમ ફાયર ટેન્ડર સાથે ડુંભાલ ફાયર સ્ટેશન પહોંચી હતી. ત્યાંથી તેમને જીઆઈડીસી નજીકની બાબા સીતા રામ સોસાયટી અને પાંડેસરાના મારુતિ નગર વિસ્તારમાં તૈનાત કરવામાં આવ્યા હતા. પૂર બાદ રસ્તાઓ અને આંતરિક શેરીઓ કાદવ, માટી અને ગંદા પાણીથી ઢંકાઈ જતાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું.

પાણીની અછત અને રસ્તા પરના અવરોધો વચ્ચે ટીમે લગભગ ૧૨ કિલોમીટર દૂરથી વારંવાર પાણી લાવી સફાઈ કામગીરી ચાલુ રાખી. રોટેશન આધારીત શિફ્ટમાં સતત ૬૫ કલાક સુધી કામગીરી કરીને આશરે ૧૫થી ૧૭ કિલોમીટર જેટલા રસ્તાઓ અને શેરીઓને ફરી ઉપયોગલાયક બનાવવામાં આવ્યા. આ અભિયાનથી અવરજવર પુનઃસ્થાપિત થવાની સાથે ગંદા પાણી અને કચરાના નિકાલથી જાહેર આરોગ્યના જોખમમાં પણ ઘટાડો થયો.

સ્થાનિક રહેવાસીઓ અને નાગરિક સત્તાવાળાઓએ એએચપીએલ ફાયર ટીમની સમયસરની કામગીરી અને સમર્પણની પ્રશંસા કરી હતી. આ પહેલ કટોકટીના સમયમાં સ્થાનિક સમુદાયોને સહયોગ આપવા તથા પ્રદેશની સુખાકારી અને સ્થિતિસ્થાપકતા માટે એએચપીએલની પ્રતિબદ્ધતાનું વધુ એક ઉદાહરણ છે.

## અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રથયાત્રાના સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યું અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી





અમદાવાદ શહેરમાં અષાઢી બીજના પાવન પર્વે નીકળનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ભવ્ય રથયાત્રાને લઈને નાગરિકોમાં અદભુત ઉત્સાહ અને ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. આ ઐતિહાસિક રથયાત્રા સુરક્ષિત, શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તેવા સુદ્રઢ આયોજનના ભાગરૂપે રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રથયાત્રાના સમગ્ર રૂટનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી સુરક્ષા વ્યવસ્થાની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

રાજ્ય પોલીસ વડા શ્રી જી.એસ.મલિક અને શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે નાયબ મુખ્યમંત્રીશ્રીએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ રૂટના સંવેદનશીલ પોઈન્ટ્સ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ઈમરજન્સી સેવાઓના આગોતરા આયોજન અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. રથયાત્રાના રૂટ નિરીક્ષણ દરમિયાન પત્રકારો સાથે વાત કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા ૧૬.૨ કિલોમીટરના પરંપરાગત રૂટ પર ભ્રમણ કરશે, જેમાં ૩ મુખ્ય રથો સાથે ૧૮ ગજરાજ, ૧૦૩ ટ્રક, ૩૦ અખાડા અને વિવિધ ભજન મંડળીઓ જોડાશે.

સુરક્ષા વ્યવસ્થા વિશે વાત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રથયાત્રાની લોખંડી સુરક્ષા માટે સમગ્ર રૂટને ૨૬ રેન્જ, ૫૩ એરિયા અને ૧,૩૯૭ પોઈન્ટ્સમાં વહેંચીને ૧૦ આઈજી/ડીઆઈજી, ૪૨ ડીસીપી, ૮૮ એસીપી અધિકારીઓ સહિત ૩૦,૦૦૦થી વધુ પોલીસ જવાનો, ૧૫ એસઆરપીએફ અને ૯ સેન્ટ્રલ પેરામિલીટરી ફોર્સની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.

રથયાત્રામાં અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગ વિશે જણાવતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે આ વર્ષે રથયાત્રામાં સુરક્ષા વ્યવસ્થાને ફૂલપ્રૂફ બનાવવા માટે સ્માર્ટ પોલિસિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વર્ચ્યુઅલ રિયાલિટી અને મોનિટરીંગ તથા ૩ડી મેપિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૧૦૦થી વધુ ડ્રોન દ્વારા લાઈવ સર્વેલન્સ, હાથીઓની દેખરેખ માટે GPS, સીસીટીવી અને ડેસિબલ મીટર, બોડી વોર્ન કેમેરા, હાઈટેક વાયરલેસ સિસ્ટમ, એઆઈ વોઈસ બોટ, એન્ટી-ડ્રોન ગન તથા શંકાસ્પદ તત્વો અને ગુનેગારોને ઝડપવા 'AI ફેસ રેકગ્નિશન કેમેરા' જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. કાયદો-વ્યવસ્થાની સાથે પોલીસે છેલ્લા એક મહિનાથી તમામ સમાજો સાથે બેઠકો અને વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ યોજીને ભાઈચારાનું અદભુત વાતાવરણ ઊભું કર્યું છે એમ જણાવીને નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોલીસ વિભાગ અને સૌ નગરજનોને અભિનંદન પાઠવ્યા હતા. રૂટ નિરીક્ષણના કાર્યક્રમ દરમિયાન સ્થાનિક સ્તરે યોજાયેલી ચિત્ર સ્પર્ધાના વિજેતા બાળકોને નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા અને પ્રોત્સાહિત કરાયા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ શહેરીજનોને કોઈ પણ પ્રકારની ધક્કામુક્કી વગર ભગવાનના દર્શન કરવા અને સુરક્ષાના ભાગરૂપે રૂટ પરની ભયજનક ઈમારતો પર ચઢવાનું ટાળવા અપીલ કરી હતી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ શહેર પોલીસની નિષ્ઠાપૂર્વકની કામગીરી અને પૂર્વ તૈયારીઓને બિરદાવી હતી.

તેમણે ઉમેર્યું હતું કે ટેકનોલોજી અને માનવબળના ઉત્કૃષ્ટ સમન્વયથી આ પર્વ સંપૂર્ણ આસ્થા અને ઉત્સાહભર્યા માહોલમાં નિર્વિઘ્ને સંપન્ન થશે. રથયાત્રા રૂટ નિરીક્ષણમાં અમદાવાદ શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી કૌશિક જૈન, શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારો, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની તેમજ પોલીસ વિભાગના ઉચ્ચ પદાધિકારીઓ અને સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ જોડાયા હતા.

# ચાંદખેડામાં આતંક મચાવનાર બુટલેગર પિતા-પુત્ર જેલભેગા

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૧૪**

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલી પ્રહલાદ પાર્ક સોસાયટીમાં બુટલેગર દ્વારા સ્થાનિક રહીશો પર કરવામાં આવેલા હિંસક હુમલાના મામલામાં પોલીસે સપાટો બોલાવ્યો છે. સોસાયટીમાં આતંક મચાવી ભયનું વાતાવરણ ઊભું કરનારા મુખ્ય બુટલેગર પિતા-પુત્રની પોલીસે ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આરોપીઓની ઓળખ પૃથ્વી પઢિયાર અને તેના પિતા કિશોર પઢિયાર તરીકે થઈ છે, જેમણે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા હાથમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.ધરપકડ કર્યા બાદ ચાંદખેડા પોલીસ બંને આરોપી પિતા-પુત્રને એ જ પ્રહલાદ પાર્ક સોસાયટીમાં લઈ ગઈ હતી જ્યાં તેમણે સ્થાનિક લોકો પર હિંસક હુમલો કર્યો હતો.

# ગણપત યુનિવર્સિટી, સુભદ્રાબેન સુરેશચંદ્ર ઇન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા "ક્રોનિક ડિસીઝ અવેરનેસ ડે" નિમિત્તે પ્રોજેક્ટ અને ચાર્ટ સ્પર્ધાનું ભવ્ય આયોજન



**મહેસાણા**

સુભદ્રાબેન સુરેશચંદ્ર ઈન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા તારીખ ૧૧ જુલાઈ ૨૦૨૬, શનિવારના રોજ "ક્રોનિક ડિસીઝ અવેરનેસ ડે" **(Chronic Diseases Awareness Day)** ની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં લાંબા ગાળાના રોગો પ્રત્યે જાગૃતિ લાવવા અને તેના નિવારણમાં ફિઝિયોથેરાપીની ભૂમિકાને સમજાવવાનો હતો.

આ જાગૃતિ અભિયાન અંતર્ગત સંસ્થાના બેચલર ઓફ ફિઝિયોથેરાપી **(BPT)** ના પ્રથમ વર્ષથી લઈને અંતિમ વર્ષના અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં સામાન્ય રીતે જોવા મળતા વિવિધ જટિલ અને લાંબા ગાળાના રોગો જેવા કે સ્ટ્રોક (**Stroke** - લકવો), સંધિવા **(Rheumatoid Arthritis)**, અસ્થમા **(Asthma)**, સીઓપીડી (**COPD** - શ્વાસ સંબંધિત રોગ), ડાયાબિટીસ, હાઈપરટેન્શન અને મેદસ્વીતા પર ખૂબ જ સુંદર અને માહિતીપ્રદ ચાર્ટ્સ તેમજ પ્રોજેક્ટ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ રોગોના લક્ષણો, તેનાથી બચવાના ઉપાયોમાં કસરતનું મહત્વ દર્શાવતી નૂતન પ્રસ્તુતિઓ રજૂ કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા તમામ પ્રોજેક્ટ્સ અને ચાર્ટ્સનું આમંત્રિત નિર્ણાયકો દ્વારા ઝીણવટભર્યું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

નિર્ણાયકોના આખરી નિર્ણયના આધારે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ટોચના ત્રણ વિજેતા ક્રમો જાહેર કરવામાં આવ્યા હતા અને તેઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રોગ્રામના કો-ઓર્ડિનેટર ડૉ. રિયા પંચોલીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. હેમાંગ જાની અને અધ્યાપકગણે વિદ્યાર્થીઓના આ ભગીરથ પ્રયાસ અને અદભુત સર્જનાત્મકતાને ખૂબ જ બિરદાવ્યા હતા.. તેમણે જણાવ્યું હતું કે આવા પ્રદર્શનો અને સ્પર્ધાઓથી વિદ્યાર્થીઓનું પ્રેક્ટિકલ જ્ઞાન વધે છે અને સામાન્ય નાગરિકો સુધી સ્વાસ્થ્ય અંગેનો સાચો સંદેશ પહોંચાડી શકાય છે.

કાર્યક્રમની સફળતા બદલ ગણપત યુનિવર્સિટીના કાર્યકારી ડિરેક્ટર જનરલ ડો. આર. કે. પટેલ, ગ્રુપ પ્રો-ચાન્સેલર ડો. મહેન્દ્ર શર્મા તેમજ યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચીફ અને પ્રમુખ, પદ્મશ્રી ડો. ગણપતભાઈ આઈ. પટેલ સરે તમામ સહભાગી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે પોતાના હાર્દિક આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમે "આજે જાગૃત, આવતીકાલે સ્વસ્થ" ના સૂત્રને સાર્થક કર્યું હતું.

# શંકરાચાર્ય આશ્રમ, ચકલાસી ખાતે વૃક્ષારોપણ વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો



પર્યાવરણની જાળવણીના હેતુથી રોટરી ક્લબ ઓફ અમદાવાદ અસ્મિતાના ઈન્વાયરમેન્ટ ચેરપર્સન ડૉ. પારુલ રાજેશ શાહ દ્વારા ખેડા જિલ્લાના ચકલાસી ગામ ખાતે આવેલ શંકરાચાર્ય આશ્રમમાં તા. ૧૦-૦૭-૨૦૨૬ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ક્લબના પ્રમુખ જીમીશાબેન પટેલ, આસિસ્ટન્ટ ગવર્નર ડૉ. પિંકી સાધુ તેમજ વર્ષાબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. સંતરામ મહારાજજી શંકરાચાર્ય ગાદીની પ્રેરણા થી ૧૦૦ ગુલાબના વૃક્ષ વાવીને પર્યાવરણ ને શુદ્ધ, શીતળ, સૌમ્ય અને સુગંધિત બનાવવા સાથે "ચંદ્રાવન" બનાવવા શ્રી ચન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ, ડૉ રાજેશ શાહ ચકલાસીના સહયોગ થી આ કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. "એક પેડ માં કે નામ" આપલા લાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સૂચન મુજબ આ વૃક્ષા રોપણ કાર્યક્રમ જે પર્યાવરણ શુદ્ધિકરણ સહીત ડાયાબિટીસને દૂર કરવાના આશ્રયની આયોજિત કરાયો હતો.

## ગણપત યુનિવર્સિટી અને પ્લસફિઝિઓ વચ્ચે ઐતિહાસિક એમઓયુ

# હેલ્થકેર શિક્ષણમાં ડિજિટલ યુગ તરફ મજબૂત પગલું, વિદ્યાર્થીઓને મળશે પ્રાયોગિક ટેક્નોલોજીનો અનુભવ

**મહેસાણા,**

ગણપત યુનિવર્સિટી મહેસાણાએ હેલ્થકેર શિક્ષણને આધુનિક ટેક્નોલોજી સાથે સંકળીને નવી દિશા આપવા માટે પ્લસફિઝિઓ, અમદાવાદ સાથે મહત્વપૂર્ણ સમજૂતી કરાર (ર્સ) કર્યો છે. તાજેતર માં થયેલ આ સહયોગ દ્વારા યુનિવર્સિટી અને ઉદ્યોગ વચ્ચેનો સંકલન વધુ મજબૂત બન્યો છે અને વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થકેર માટે તૈયાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તક આધારિત જ્ઞાન પૂરતું મર્યાદિત ન રાખતા, તેમને વાસ્તવિક ક્લિનિકલ પ્રેક્ટિસ અને ડિજિટલ સિસ્ટમ્સ સાથે પરિચિત કરવાનો છે. પ્લસફિઝિઓ જે એક એઆઈ આધારિત ક્લિનિક મેનેજમેન્ટ સોફ્ટવેર છે, તેના માધ્યમથી વિદ્યાર્થીઓને દર્દી વ્યવસ્થાપન, ટ્રીટમેન્ટ પ્લાનિંગ, રેકોર્ડ મેનેજમેન્ટ અને ક્લિનિક ઓપરેશન્સ અંગે જીવંત અનુભવ મળશે.

આ સહયોગ હેઠળ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી બંનેને હેલ્થકેર ટેક્નોલોજીના આધુનિક સાધનો સાથે કામ કરવાની તક મળશે. વિવિધ તાલીમ કાર્યક્રમો, સેમિનાર, વર્કશોપ અને નિષ્ણાતોના માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગલક્ષી કુશળતાઓ વિકસાવવામાં આવશે. આ સાથે, તેઓને વૈશ્વિક સ્તરે ફિઝિયોથેરાપી ક્ષેત્ર સાથે જોડાવાની તક પણ મળશે, જે તેમના કારકિર્દી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

આ એમઓયુ ગણપત યુનિવર્સિટીને ઉદ્યોગ સાથે વધુ નજીકથી જોડવામાં મદદરૂપ બનશે, જેના પરિણામે શૈક્ષણિક ગુણવત્તા અને સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો થશે. ફેકલ્ટી માટે પણ આ પહેલ નવા અવસર ઉભા કરશે, જેમાં તેઓ શિક્ષણમાં આધુનિક ટેક્નોલોજીનો સમાવેશ કરી શકશે તેમજ ઉદ્યોગ આધારિત સંશોધન પ્રવૃત્તિઓમાં સહભાગી બની શકશે.

આજના સમયમાં હેલ્થકેર ક્ષેત્ર ઝડપથી ડિજિટલ બની રહ્યું છે, જ્યાં ક્લિનિક મેનેજમેન્ટથી લઈને દર્દી ડેટા સુધીની તમામ પ્રક્રિયાઓ ટેક્નોલોજી પર આધારિત બની રહી છે. આવા સમયમાં વિદ્યાર્થીઓ માટે આ સિસ્ટમ્સની સમજ અતિઆવશ્યક બની ગઈ છે. આ સહયોગ દ્વારા વિદ્યાર્થીઓને વાસ્તવિક કાર્યક્ષેત્ર માટે તૈયાર કરવામાં આવશે અને તેઓ વધુ આત્મવિશ્વાસ સાથે વ્યાવસાયિક જીવનમાં પ્રવેશી શકશે.

ગણપત યુનિવર્સિટી આ ભાગીદારીને લાંબા ગાળાના સહકાર તરીકે વિકસાવવા પ્રતિબદ્ધ છે. ભવિષ્યમાં સંયુક્ત સંશોધન, વિશેષ પ્રમાણપત્ર કાર્યક્રમો, ગેસ્ટ લેક્ચર્સ, વેબિનાર, ઈન્ટર્નશિપ અને રિયલ-લાઈફ કેસ સ્ટડી આધારિત શિક્ષણ જેવી પ્રવૃત્તિઓ દ્વારા આ સહયોગને વધુ વિસ્તૃત કરવામાં આવશે.




ગણપત યુનિવર્સિટી, જે ગુજરાતની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે, સતત નવીનતા અને ગુણવત્તાસભર શિક્ષણ માટે પ્રયત્નશીલ રહી છે.

પ્લસફિઝિઓ એ એક અદ્યતન એઆઈ આધારિત પ્લેટફોર્મ છે, જે ક્લિનિક મેનેજમેન્ટને સરળ અને કાર્યક્ષમ બનાવે છે, જ્યારે આઈફોર ટેકનોલેબ દ્વારા વિકસાવવામાં આવેલ ટેક્નોલોજી આ સહયોગને વધુ મજબૂત બનાવે છે.

આ રીતે, ગણપત યુનિવર્સિટી અને પ્લસફિઝિઓ વચ્ચે થયેલ આ એમઓયુ હેલ્થકેર શિક્ષણમાં ડિજિટલ પરિવર્તન તરફનું મહત્વપૂર્ણ અને પ્રેરણાત્મક પગલું સાબિત થશે, જે ભવિષ્યના હેલ્થકેર પ્રોફેશનલ્સને વધુ સક્ષમ અને તૈયાર બનાવશે.

આ એમ.ઓ.યુ દ્વારા વિદ્યાર્થીઓ ને ટેકનોલોજી નો સાચી રીતે ઉપયોગ કરી શકાય અંને તે વધારે સટીક અંને જાગૃતતા થી દર્દીઓ ની કસરત વડે સારવાર કરી શકીએ તે માટે પ્રોત્સાહિત કરવા માટે ડૉ. ગણપત આઈ. પટેલે (પ્રેસીડેન્ટ ગણપત યુનીવર્સીટી) પોતાના પ્રેરણાત્મક સંબોધન દ્વારા વિદ્યાર્થીઓ અને ઉપસ્થિતોને ઉત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુસંગઠિત આયોજન ડૉ. મહેન્દ્ર શર્મા (જોઈન્ટ પ્રેસીડેન્ટ અને ગ્રુપ પ્રો.ચાન્સેલર ગણપત યુનીવર્સીટી), ડૉ. રાકેશ પટેલ (એકિંટગ ડાયરેકટર જનરલ ગણપત યુનીવર્સીટી), અને ડૉ. ગિરિશ પટેલ (એક્ષિક્યુટીવ રજીસ્ટ્રાર, ગણપત યુનીવર્સીટી), ના માર્ગદર્શન હેઠળ હેલ્થકેર ફેકલ્ટી દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

તેમજ પ્રિન્સિપાલ ડૉ. હેમાંગ જાનીને આ સફળ આયોજન બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

Printed/Published/Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad-380 009, Published at 1-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road. Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR. (GUJ) Editor: ILEVAN H. THAKAR